**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________________
   (Name) ______________________________
2. (Signature) ____________________________
   (Name) ______________________________

OMR Sheet No. : ......................................
(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |
(In figures as per admission card)

Roll No.______________________________
(In words)

**D-3709**

**Test Booklet No.**

Time : 1 1/4 hours]

# PAPER-II
# GUJARATI

[Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **16**

Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered in the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example :** (A) (B) ● (D)
   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **Answer Sheet given inside the Paper I Booklet only.** If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet and OMR Answer sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **Negative Marking :- For each incorrect answer, 0.5 marks shall be deducted.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या OMR पत्रक पर अंकित करें और OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं । आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है ।
   **उदाहरण :** (A) (B) ● (D)
   जबकि (C) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये उत्तर-पत्रक पर ही** अंकित करने हैं । यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे ।
9. आपको परीक्षा समाप्त होने पर प्रश्न-पुस्तिका एवं OMR उत्तर-पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें ।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **नेगेटिव अंक प्रणाली : प्रत्येक गलत उत्तर के लिए 0.5 अंक काटे जाएँगे ।**

# GUJARATI
# ગુજરાતી
## Paper – II
## પ્રશ્નપત્ર– II

**Note :** This paper contains **fifty (50)** objective type questions, each question carrying **two (2)** marks. Attempt **all** the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ** (50) હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે** (2) ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તરો આપવાના છે.

**1.** નીચેનામાંથી કઈ કૃતિ જૈનેતર કવિની નથી ?

(A) હંસાઉલિ

(B) સધ્યવત્સચરિત

(C) રણમલ્લછંદ

(D) ત્રિભુવનદીપક પ્રબંધ

**2.** 'દેવ ડગલાં ભરે પ્રભુ પગલાં ભરે' પંક્તિના કવિનું નામ જણાવો.

(A) ભાલણ (B) નરસિંહ મહેતા

(C) રાજે (D) મીરાંબાઈ

**3.** ધીરા ભગતે કયા સ્વરૂપમાં સર્જન કર્યું છે ?

(A) ચાબખા (B) છપ્પા

(C) કાફી (D) રેખતા

**4.** 'સતસઈ'ના કવિનું નામ જણાવો.

(A) વિષ્ણુદાસ (B) દયારામ

(C) નિષ્કુળાનંદ સ્વામી (D) પ્રીતમ

**5.** 'દેશી કારીગરીને ઉત્તેજન'ના કર્તાનુ નામ જણાવો.

(A) દલપતરામ

(B) નર્મદ

(C) કરસનદાસ મૂળજી

(D) હરગોવિંદદાસ કાંટાવાળા

**6.** નીચેનામાંથી નવલરામનો નિબંધ કયો છે ?

(A) સ્ત્રી-કેળવણી (B) ઓથારિયો હડકવા

(C) પૂર્વ અને પશ્ચિમ (D) મંડળી મળવાથી થતા લાભ

7. નીચેનામાંથી કવિ ન્હાનાલાલના ગ્રંથનું નામ આપો.

(A) જ્ઞાનગીતા (B) હરિગીતા

(C) વિશ્વગીતા (D) પ્રેમરસગીતા

8. 'બેસીને કોણ જાણે ક્યહિં પરભૃત્તિકા ગાન સ્વર્ગીય ગાય' પંક્તિનો છંદ સમજાવો.

(A) શાર્દૂલવિક્રીડિત (B) સ્રગ્ધરા

(C) અનુષ્ટુપ (D) મંદાક્રાન્તા

9. 'પદ્મિની'ના નાટ્ય સર્જકનું નામ જણાવો.

(A) ચન્દ્રવદન મહેતા (B) કનૈયાલાલ મુન્શી

(C) યશવંત પંડ્યા (D) કૃષ્ણલાલ શ્રીધરાણી

10. નીચેનામાંથી કયું ઘટકતત્ત્વ હાઈકુમાં આવતું નથી ?

(A) ચિત્ર (B) સત્તર અક્ષર

(C) ચિંતન (D) કલ્પન

11. 'વીસમી સદી' સામયિકના સંપાદક કોણ હતા ?

(A) હાજી મહમ્મદ અલ્લારખા શિવજી

(B) આનંદશંકર ધ્રુવ

(C) રમણભાઈ નીલકંઠ

(D) મણિલાલ ન. દ્વિવેદી

12. વ્યાકરણવિમર્શ ગ્રંથના કર્તા કોણ છે ?

(A) હરિવલ્લભ ભાયાણી (B) યોગેન્દ્ર વ્યાસ

(C) કે.કા. શાસ્ત્રી (D) ઉર્મિ દેસાઈ

13. નીચેની કૃતિઓને ઐતિહાસિક ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) સ્મરણસંહિતા (2) આરોહણ

(3) વેનચરિત્ર (4) રાસતરંગિણી

**કૂટ :**

(A) (4) (2) (1) (3)

(B) (3) (1) (2) (4)

(C) (3) (1) (4) (2)

(D) (1) (2) (3) (4)

**14.** નીચેના અનુનાસિક ધ્વનિને ઉચ્ચારણ વ્યવસ્થાના યોગ્ય ક્રમમાં ગોઠવો.

(1) ણ

(2) મ

(3) ઙ્

(4) ન

**કૂટ :**

(A) (4) (3) (2) (1)

(B) (3) (1) (4) (2)

(C) (1) (2) (3) (4)

(D) (2) (4) (1) (3)

**15.** નીચેની કાવ્યપંક્તિઓને મૂળ કાવ્ય પ્રમાણે ગોઠવો.

(1) બેઠી ખાટે, ફરિ વળિ બધે મેડીએ ઓરડામાં,

(2) માડી મીઠી, સ્મિત મધુર ને ભવ્યમૂર્તિ પિતાજી,

(3) દાદી વાંકી રસિક કરતી વાતથી બાળ રાજી

(4) બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઇ સારી

**કૂટ :**

(A) (1) (2) (3) (4)

(B) (3) (4) (1) (2)

(C) (4) (1) (2) (3)

(D) (4) (3) (2) (1)

**16.** નીચેના આલંકારિકોને ઐતિહાસિક ક્રમમાં મૂકો.

(1) કુન્તક

(2) ભામહ

(3) દંડી

(4) જગન્નાથ

**કૂટ :**

(A) (2) (4) (1) (3)

(B) (3) (4) (1) (2)

(C) (2) (3) (4) (1)

(D) (2) (3) (1) (4)

17. નીચેના વિવેચકોને ઐતિહાસિક ક્રમમાં ગોઠવો.

(1) મેથ્યૂ આર્નલ્ડ

(2) સુઝાન લેંગર

(3) લેસિંગ

(4) લોન્જાઇનસ

**કૂટ :**

(A) (1) (2) (3) (4)

(B) (4) (3) (1) (2)

(C) (3) (4) (2) (1)

(D) (2) (3) (4) (1)

18. નીચેના સાહિત્યિકવાદોને ઐતિહાસિક ક્રમમાં ગોઠવો

(1) અમૂર્તવાદ

(2) વાસ્તવવાદ

(3) દાદાવાદ

(4) અસ્તિત્વવાદ

**કૂટ :**

(A) (1) (4) (3) (2)

(B) (4) (3) (2) (1)

(C) (2) (3) (4) (1)

(D) (3) (1) (2) (4)

19. નીચેની વાર્તાઓને ઐતિહાસિક ક્રમમાં લખો.

(1) સેન નદીને કાંઠે

(2) વાત્રકને કાંઠે

(3) શેતલને કાંઠે

(4) માને ખોળે

**કૂટ :**

(A) (4) (1) (3) (2)

(B) (2) (3) (4) (1)

(C) (1) (2) (3) (4)

(D) (3) (1) (4) (2)

20. નીચેના શબ્દોને અકારાદિ ક્રમે ગોઠવો

(1) સપ્તર્ષિ

(2) શાહમૃગ

(3) ષડ્જ

(4) ક્ષિપ્રા

**કૂટ :**

(A) (3) (1) (4) (2)

(B) (2) (3) (4) (1)

(C) (1) (3) (2) (4)

(D) (4) (2) (3) (1)

21. નીચેનાં સામયિકોને સ્થાપનાના વર્ષ પ્રમાણે ગોઠવો

(1) વસંત

(2) શાળાપત્ર

(3) સંસ્કૃતિ

(4) કૌમુદી

**કૂટ :**

(A) (3) (1) (2) (4)

(B) (2) (1) (4) (3)

(C) (4) (3) (2) (1)

(D) (1) (2) (4) (3)

22. નીચેની સાહિત્યિક ઘટનાઓને યોગ્ય ક્રમમાં મૂકો

(1) કાન્તનું ધર્મપરિવર્તન

(2) મહારાજ લાયબલ કેસ

(3) મહીપતરામ નીલકંઠની પ્રથમ દરિયાઇ મુસાફરી

(4) ઝવેરચંદ મેઘાણી પરનો ધંધુકા કોર્ટનો કેસ

**કૂટ :**

(A) (2) (1) (3) (4)

(B) (1) (4) (2) (3)

(C) (2) (3) (1) (4)

(D) (3) (4) (1) (2)

23. સર્વથા સુસંગત વિગતજૂથ કયું ?

(A) મનહર-વસંતતિલકા-ઝૂલણા-હરિગીત

(B) મંદાક્રાન્તા-અનુષ્ટુપ-સ્રગ્ધરા ચોપાઈ

(C) ઉપેન્દ્રવજ્રા-ઈન્દ્રવજ્રા-ઉપજાતિ-વંશસ્થ

(D) શિખરિણી-દોહરો-રથાદ્ધતા-પુષ્પિતાગ્રા

24. સર્વથા વિસંગત વિગતજૂથ કયું છે ?

(A) ઉમાશંકર જોશી-શૈલી અને સ્વરૂપ-ગોષ્ઠી-સંસ્કૃતિ

(B) સુરેશ જોષી-કાવ્યચર્ચા-શ્રુણ્વન્તુ-એકદા નૈમિષારણ્યે

(C) રમણલાલ જોશી-તારતમ્ય-ગોવર્ધન પ્રતિભા-અનુભાવન

(D) શિવકુમાર જોષી-પાંખ વિનાનાં પારેવાં-સુમંગલા-અનંગરાગ

25. સર્વથા સુસંગત વિગતજૂથ કયુ છે ?

(A) ખ, છ, થ, ફ

(B) ક, ઘ, ત, પ

(C) ચ, ઢ, ભ, સ

(D) ગ, દ, ટ, લ

26. સર્વથા વિસંગત વિગત જૂથ કયું છે ?

(A) કયાં ? – કદાચ – રાનેરી – પરંતુ

(B) દ્રુમપર્ણ – પશ્યન્તિ – કિંવદન્તી – લીલાં પર્ણ

(C) કઉતુક – અંતરાલ – કુંભી – બાપાની પીંપર

(D) શરતના ઘોડા – રાજા મિડાસ – મરી જવાની મજા – ડીમલાઈટ

27. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે ?

(A) સુધારકયુગ – નર્મદ – નવલરામ – રમણભાઈ નીલકંઠ

(B) પંડિતયુગ – ગોવર્ધનરામ – નરસિંહરાવ – મહીપતરામ નીલકંઠ

(C) ગાંધીયુગ – કાલેલકર – ઝવેરચંદ મેઘાણી – કિશોરલાલ મશરૂવાળા

(D) અનુ ગાંધીયુગ – ઉમાશંકર જોશી – નિરંજન ભગત – રાજેન્દ્ર શાહ

28. **માહિતી અ :** બ. ક. ઠાકોર કવિ, વાર્તાકાર ઉપરાંત વિવેચક છે.

**માહિતી બ :** ચન્દ્રકાન્ત બક્ષી નવલકથાકાર, વાર્તાકાર અને સંશોધક છે.

(A) અ સાચું છે અને બ ખોટું છે.

(B) અ અને બ બંને સાચાં છે.

(C) અ અને બ બંને ખોટાં છે.

(D) બ સાચું છે અને અ ખોટું છે.

29. **માહિતી અ :** 'પરબ' સામયિકના સંપાદક ભોળાભાઇ પટેલ છે.

**માહિતી બ :** 'શબ્દસૃષ્ટિ' સામયિકના સંપાદક કિરીટ દૂધાત છે.

(A) બ સાચું છે અને અ ખોટું છે.

(B) અ અને બ બંને ખોટાં છે.

(C) અ અને બ બંને સાચાં છે.

(D) બ ખોટું છે અને અ સાચું છે.

30. **માહિતી અ :** ગુજરાતી 'ય' અને 'વ' અર્ધસ્વરો છે.

**માહિતી બ :** 'સ' એ મૂર્ધન્ય ધ્વનિ છે.

(A) અ ખોટું છે અને બ સાચું છે.

(B) અ અને બ બંને ખોટાં છે.

(C) અ અને બ બંને સાચાં છે.

(D) અ સાચું છે અને બ ખોટું છે.

31. **માહિતી અ :** શાંતિલાલ આચાર્ય અને ભગવાનદાસ પટેલ એ લોકસાહિત્યના સંશોધકો છે.

**માહિતી બ :** સુરેશ જોષી અને હસુયાજ્ઞિક એ મધ્યકાલીન સાહિત્યના સંશોધકો છે.

(A) અ અને બ બંને સાચાં છે.

(B) અ અને બ બંને ખોટાં છે.

(C) અ ખોટું છે અને બ સાચું છે.

(D) અ સાચું છે અને બ ખોટું છે.

32. **માહિતી અ :** ઉપમા, વ્યતિરેક અને રૂપક અર્થાલંકારો છે.

**માહિતી બ :** યમક, વર્ણસગાઈ અને ઉત્પ્રેક્ષા શબ્દાલંકારો છે.

(A) ‘અ’ અને ‘બ’ બંને સાચાં છે.

(B) ‘અ’ અને ‘બ’ બંને ખોટાં છે.

(C) ‘અ’ સાચું છે અને ‘બ’ ખોટું છે.

(D) ‘બ’ સાચું છે અને ‘અ’ ખોટું છે.

33. **માહિતી અ :** શિખરિણી છંદનું બંધારણ મ ભ ન ત ત ગા ગા છે.

**માહિતી બ :** પૃથ્વી છંદનું બંધારણ ય મ ન સ ભ લ ગા છે.

(A) ‘અ’ અને ‘બ’ બંને સાચાં છે.

(B) ‘અ’ અને ‘બ’ બંને ખોટાં છે.

(C) ‘અ’ સાચું છે અને ‘બ’ ખોટું છે.

(D) ‘બ’ સાચું છે અને ‘અ’ ખોટું છે.

34. **માહિતી અ :** ‘વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી’ પંક્તિના કવિ સુંદરમ્ છે.

**માહિતી બ :** ‘હું માનવી માનવ થાઉં તો ઘણું’ પંક્તિના કવિ ઉમાશંકર જોશી છે.

(A) ‘અ’ અને ‘બ’ બંને સાચાં છે.

(B) ‘અ’ સાચું છે અને ‘બ’ ખોટું છે.

(C) ‘બ’ સાચું છે અને ‘અ’ ખોટું છે.

(D) ‘અ’ અને ‘બ’ બંને ખોટાં છે.

35. **માહિતી અ :** ‘વસુંધરા’ અલુક્ તત્પુરુષ સમાસ છે.

**માહિતી બ :** ‘મણિધર’ ઉપપદ સમાસ છે.

(A) ‘અ’ અને ‘બ’ બંને સાચાં છે.

(B) ‘અ’ ખોટું છે અને ‘બ’ સાચું છે.

(C) ‘બ’ સાચું છે અને ‘અ’ ખોટું છે.

(D) ‘અ’ અને ‘બ’ બંને ખોટાં છે.

36. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | ગોવર્ધનરામ ત્રિપાઠી | (1) | તાંબુલ |
| (II) | રાજેન્દ્ર શાહ | (2) | સૂરજને પડછાયો હોય |
| (III) | રમેશ પારેખ | (3) | ચિત્રણા |
| (IV) | હરીશ મીનાશ્રુ | (4) | સાક્ષરજીવન |

કૂટ :

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (2) | (1) | (3) | (4) |
| (B) | (3) | (4) | (1) | (2) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (1) | (2) | (3) | (4) |

37. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | હરજી દામાણી | (1) | 'વાસુકિ' |
| (II) | કનૈયાલાલ મુનશી | (2) | 'ઇવા ડેવ' |
| (III) | ઉમાશંકર જોશી | (3) | 'ઘનશ્યામ' |
| (IV) | પ્રફુલ્લ દવે | (4) | 'શયદા' |

કૂટ :

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (3) | (4) | (2) | (1) |
| (B) | (4) | (3) | (1) | (2) |
| (C) | (2) | (1) | (4) | (3) |
| (D) | (1) | (2) | (3) | (4) |

**38.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | **અ** | | **બ** |
|---|---|---|---|
| (I) | મૃણાલ | (1) | અશ્રુઘર |
| (II) | વસુધા | (2) | પૃથિવી વલ્લભ |
| (III) | સત્યકામ | (3) | સાત પગલાં આકાશમાં |
| (IV) | સત્ય | (4) | ઝેર તો પીધાં છે જાણી જાણી |

**કૂટ :**

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (4) | (1) |
| (B) | (4) | (3) | (1) | (2) |
| (C) | (3) | (4) | (1) | (2) |
| (D) | (1) | (2) | (3) | (4) |

**39.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | **અ** | | **બ** |
|---|---|---|---|
| (I) | લઘુકથા | (1) | નવા દેશ નવા વેશ |
| (II) | રેખાચિત્ર | (2) | સ્વપ્નાક્ષરી |
| (III) | પ્રવાસ નિબંધ | (3) | સહરાની ભવ્યતા |
| (IV) | એકાંકી | (4) | આઇસબર્ગ |

**કૂટ :**

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (3) | (4) |
| (B) | (2) | (3) | (4) | (1) |
| (C) | (1) | (2) | (4) | (3) |
| (D) | (4) | (3) | (1) | (2) |

**40.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ | (1) | ધીરુપરીખ |
| (II) | રણજિતરામ સુવર્ણચંદ્રક | (2) | નારાયણ દેસાઇ |
| (III) | જ્ઞાનપીઠ એવોર્ડ | (3) | સુમન શાહ |
| (IV) | સરસ્વતી સન્માન એવોર્ડ | (4) | રાજેન્દ્ર શાહ |

કૂટ :

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (4) | (2) | (1) | (3) |
| (B) | (2) | (3) | (4) | (1) |
| (C) | (3) | (1) | (4) | (2) |
| (D) | (1) | (2) | (3) | (4) |

**41.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | એતદ્ | (1) | બાબુ સુથાર |
| (II) | તથાપિ | (2) | પ્રબોધ જોશી |
| (III) | સંધિ | (3) | નીતિન મહેતા |
| (IV) | ઉદ્દેશ | (4) | જયેશ ભોગાયતા |

કૂટ :

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (4) | (1) |
| (B) | (3) | (4) | (1) | (2) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (4) | (3) | (2) | (1) |

42. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | જોસ્સો | (1) | બ. ક. ઠાકોર |
| (II) | અર્થઘનતા | (2) | રા. વિ. પાઠક |
| (III) | સમસંવેદન | (3) | નર્મદ |
| (IV) | રહસ્ય | (4) | ઉમાશંકર જોશી |

**કૂટ :**

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (3) | (1) | (4) | (2) |
| (B) | (1) | (2) | (3) | (4) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (2) | (1) | (4) | (3) |

43. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | યુદ્ધ અને શાંતિ | (1) | પ્રવીણ દરજી |
| (II) | ન હન્યતે | (2) | રમણ સોની |
| (III) | તોત્તોચાન | (3) | જ્યંતિ દલાલ |
| (IV) | સૌંદર્યો હજી જનમ્યાં નથી | (4) | નગીનદાસ પારેખ |

**કૂટ :**

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (4) | (3) | (2) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (3) | (4) | (2) | (1) |

**44.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | દેશ્ય | (1) | વર્તણૂક |
| (II) | ફારસી | (2) | ઘાઘરો |
| (III) | પોર્ટુગીઝ | (3) | રકાબી |
| (IV) | મરાઠી | (4) | હાફુસ |

**કૂટ :**

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (4) | (3) | (2) | (1) |
| (B) | (1) | (2) | (3) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (1) | (4) | (2) | (3) |

**45.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો.

| | અ | | બ |
|---|---|---|---|
| (I) | હોમર | (1) | એઝ યુ લાઈક ઇટ |
| (II) | મિલ્ટન | (2) | ઓડિસિ |
| (III) | શેક્સપિયર | (3) | રાઇનોસર્સ |
| (IV) | આયોનેસ્કો | (4) | પેરેડાઇઝ રિગેઈન્ડ |

**કૂટ :**

| | (I) | (II) | (III) | (IV) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (4) | (1) |
| (B) | (2) | (4) | (1) | (3) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (4) | (3) | (2) | (1) |

નીચે આપેલો ગદ્યખંડ વાચીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમ દર્શાવો.

સત્તા અને સત્ય બંને સત્-હસ્તી-સાથે સંબંધ ધરાવે છે, પણ બંનેમાં ફેર હોય તો તે એ છે કે સત્તા પોતાથી નબળા ઉપર કાબૂ જમાવવાની વૃત્તિરૂપે આવિર્ભાવ પામે છે, ત્યારે સત્ય પોતાથી નબળા કે સબળા બંને પ્રત્યે સમાન રહેવાની વૃત્તિરૂપે આવિર્ભાવ પામે છે. જ્યારે નબળા પ્રત્યે સમાન રહેવાની વૃત્તિ પ્રગટે છે ત્યારે એનો અર્થ એટલો જ કે નબળાને પોતાની ઊંચી સપાટી ઉપર આણી પોતાની સમકક્ષ બનાવવા સત્ય માણસને પ્રેરે છે. જ્યારે સબળા પ્રત્યે સમાન રહેવા રૂપે સત્યની વૃત્તિ આવિર્ભાવ પામે છે ત્યારે એનો અર્થ એટલો જ કે એવી વૃત્તિવાળો માણસ કોઇપણ સબળને અણઘટતી રીતે વશ થતો નથી ; ઊલટું, તેને યોગ્ય રીતે સૌની સાથે સ્થાન અપાવે છે.

સત્તાબળ અમલદારને તુમાખી શીખવે છે, ધનિકને અતડો અને ગર્વિષ્ઠ બનાવે છે, પંડિતને મિથ્યાભિમાની અને બકવાદી પણ બનાવે છે ; જ્યારે સત્યબળ અમલ, ધન અને પાંડિત્યના આશ્રયથી કોઈ દોષ પામતું નથી ; ઊલટું એ અધિકાર, ધન, સૌંદર્ય, વિદ્યા કે પાંડિત્ય જેવા સાધનો દ્વારા માણસને સૌના લાભમાં કામ કરતો, અને, તેથી ખરા અર્થમાં સ્વતંત્ર બનાવે છે. સત્તાબળ ધરાવનાર દેખીતી રીતે સ્વતંત્ર ગણવા કે મનાવા છતાં ખરી રીતે અને અંતરથી પરતંત્ર જ હોય છે. એના મનમાં હમેશાં બીજા તરફનો ભય રહે જ છે. જ્યારે સત્યબળ ધરાવનારને કદી કોઇથી ડરવાપણું નથી ; એટલે તેનો અંતરાત્મા તદ્દન મુક્ત રહે છે. આપણે આપણા જ જીવતરમાં આ વસ્તુ ગાંધીજીમાં જોઇ હતી અને અત્યારે વિનોબાજી જેવા સત્યનિષ્ઠામાં જોઇ પણ શકીએ છીએ.

**46.** સત્તા અને સત્ય વચ્ચેનો સંબંધ કેવો છે ?

(A) સત્તા અને સત્ય બંને 'સત્' શબ્દમાંથી આવે છે.

(B) સત્તા હંમેશાં સબળ-નિર્બળ ઉપર વર્ચસ્ જમાવે છે.

(C) સત્ય હંમેશાં સબળ-નિર્બળ ઉપર વર્ચસ્ જમાવે છે.

(D) સત્તા કેવળ પોતાનાથી ઊતરતી કોટિ ઉપર અને સત્ય ઉભય કોટિ ઉપર સંવાદી વૃત્તિ ધરાવે છે.

**47.** સત્યવૃત્તિવાળા માણસની કઇ વિશેષતા છે ?

(A) નિર્બળને વશ વર્તે છે.

(B) બળવાનને વશ વર્તે છે.

(C) ખોટી રીતે બળવાનને વશ થતો નથી.

(D) સત્તાનો સામનો કરતો નથી.

**48.** સત્તાબળ શું શીખવે છે ?

(A) માણસને નમ્ર બનાવે છે.

(B) માણસને અભિમાની બનાવે છે.

(C) પૈસાદારને મિલનસાર બનાવે છે.

(D) પંડિતને વિનયી બનાવે છે.

**49.** સત્યનું બળ દાખવનાર માણસ કેવો હોય ?

(A) નીડર હોય છે. (B) ડરપોક હોય છે.

(C) કુંઠિત હોય છે. (D) પરતંત્ર હોય છે.

**50.** આ પરિચ્છેદનું યોગ્ય શીર્ષક કયું ?

(A) સત્તાની સર્વોપરિતા (B) સત્યની સર્વોપરિતા

(C) સત્તાબળ અને સત્યબળ (D) સ્વતંત્ર અને પરતંત્ર

**Space for Rough Work**